| | |
|---|---|
| દાખલ તારીખ:– | ૧૮ / ૧૦ / ૨૦૨૪ |
| રજીસ્ટ્રેશન તારીખ:– | ૧૮ / ૧૦ / ૨૦૨૪ |
| ફેસલ તારીખ | ૨૩ / ૦૪ / ૨૦૨૬ |
| સમયગાળો:– | વર્ષ માસ દિવસ<br>**૦૧ ૦૬ ૦૫** |

**મે. મહેસાણાના એડીશનલ સેસન્સ જજશ્રીની કોર્ટમાં, મુ. વિસનગર**

**ક્રિમીનલ અપીલ નંબર :– ૨૨૬ / ૨૦૨૪**
**આંક:– ૧૪**

**<u>એપેલેન્ટ:–</u>** ૧. પરમાર ચંદ્રકાન્તભાઇ ડાહયાભાઇ ,
ઉ.વ.આ. ૫૭,ધંધો– નિવૃત્ત,
૨. પરમાર ભાવિક ચંદ્રકાન્તભાઇ,
ઉ.વ.આ. ૩૨, ધંધો.
૩. પરમાર તુષાર ચંદ્રકાન્તભાઇ,
ઉ.વ.આ. ૨૮,ધંધો.
તમામ રહે, ફત્તેહ દરવાજા, વણકરવાસ,
મુ.તા.વિસનગર, જી. મહેસાણા.

**<u>વિરુધ્ધ</u>**

**<u>સામાવાળા:–</u>** ધી સ્ટેટ ઓફ ગુજરાત

**<u>બાબત:–</u>** બી.એન.એસ.એસ.ની કલમ–૪૧૫ મુજબ અપીલ...

| | |
|---|---|
| અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રી | :– એસ.કે.ચાવડા. |
| સામાવાળા તરફે વિધ્વાન એડી.પી.પી.શ્રી | :– આર.બી.દરજી. |

**<u>ઠરાવ</u>**

(૧).. મે.વિસનગરના એડી.ચીફ જયુડી. મેજી. સાહેબશ્રીનાઓએ ક્રિમીનલ કેસ નંબર– ૪૭૭/૨૦૨૧ ના કામે આ કામના અરજદાર/આરોપીઓ ને દોષિત

ઠરાવી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ–૨૭૮(૨) મુજબ દરેક અરજદાર/આરોપીને ભારતીય દંડ સંહીતાની કલમ– ૩૨૩, ૧૧૪ના ગુનામાં એક વર્ષની સાદી કેદની સજા તથા રૂપીયા–૧,૦૦૦/– નો દંડ તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ– ૫૦૬(૨)અન્વયે ત્રણ વર્ષની સાદીની કેદની સજા તથા રૂા.૫,૦૦૦/–નો દંડ તેમજ ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબ ચાર માસની સાદી કેદની સજા તથા રૂા.૧,૦૦૦/–નો દંડ જો આરોપીઓ દંડની રકમ ના ભરે તો વધુ બે માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. તેવો હુકમ કરેલ છે. તે હુકમથી નારાજ થઈ અરજદાર/આરોપીઓએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૧૫ અન્વયે પ્રસ્તુત અપીલ દાખલ કરેલ છે.

**(૨)..** વિવાદીએ પ્રસ્તુત અપીલ મુખ્યત્વે એવા કારણોસર દાખલ કરેલ છે કે વિધ્વાન ટ્રાયલકોર્ટે મહત્વના વિરોધાભાસ, મહત્વની વિસંગતતા ધ્યાને લીધેલ નથી અને પુરાવાઓનું યોગ્ય રીતે અર્થઘટન કરેલ મૂલ્યાંકન કરેલ નથી. નામદાર નીચેની કોર્ટે વાદગ્રસ્ત હુકમ કરતાં અગાઉ હકીકત તથા રેકર્ડને ધ્યાને લીધા સીવાય તેમજ સરતપાસ અને ઉલટતપાસ જેવી કાયદાકીય અને બંધારણીય જોગવાઇના પ્રાવધાને યોગ્ય રીતે ધ્યાને લીધા સિવાય વાદગ્રસ્ત હુકમ હોઇ તે રદ થવાને પાત્ર છે.

**(૨.૧)..** આ કામે આરોપીઓએ પ્રથમ ફરીયાદ કરેલ હતી. ત્યારબાજ સદર કામના ફરીયાદીએ બદલાની ભાવનાથી ખોટો બનાવ ઉભો કરી ખોટી ફરીયાદ દાખલ કરેલ છે. આ કામે કોઇ સ્વતંત્ર સાહેદના જવાબ રેકોર્ડ ઉપર આવેલ નથી. જે સાહેદ તપાસવામાં આવેલ છે તે ફરીયાદીના ઘરના સભ્યો છે.

**(૨.૨)..** સી.આર.પી.સી.ની કલમ–૩૬૦ મુજબ સારી ચાલચલગતના જામીન એટલે કે પ્રોબોશન ઉપર મુકત કરવાની કાયદમાં જોગવાઇ કરવામાં આવેલ હોવા છતાં આ કામે આરોપીઓને પ્રોબેશનનો લાભ આપવા વિનંતી છે.

(૩).. **ફરીયાદ પક્ષના કેસની ટૂંકી હકીકત:** આ કામના આરોપીઓ તા.૩૦–૧૧–૨૦૨૦ના રોજ સવારના આશરે સાડા નવેક વાગ્યાના સુમારે ફરીયાદીનાઓ ઘરે આવી આ કામના આરોપીઓ રોડાં અને રેતીના ઢગલા ભરતા હોય જેથી આ કામના ફરીયાદીએ આરોપી નં–૨ને કહેલ કે, પુચણું અમારુ છે. તમો કેમ ભરાવો છો? જેથી આરોપી નં–૨ એકદમ ઉશ્કેરાઇ જઇ ગાળો બોલી ઝપાઝપી કરેલ દરમ્યાન આરોપી નં–૧ હાથમાં લોખંડની પાઇપ લઇ આવી ફરીયાદીને માથામાં મારવા જતાં ફરીયાદી હાથ આડો કરતા કપાળના ઉપરનાં ભાગે સહેજ અડી જતાં ઈજા કરી આરોપી નં–૩નાએ ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરી ઇ.પી.કોડની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ છે. તે મતલબની ફરીયાદ તા. ૦૯ – ૧૨ – ૨૦૨૦ ના રોજ વિસનગર શહેર પોલીસ સ્ટેશન સમક્ષ નોંધાવેલ છે. ફરીયાદ દાખલ થતાં તપાસ કરનાર અધિકારીને તપાસ દરમ્યાન આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ દાખલ કરેલ છે. જે અનુસંધાને એડી. ચીફ જયુડીશયલ મેજીસ્ટ્રેટ, વિસનગર સમક્ષ ફોજદારી કેસ નંબર– ૪૭૭ / ૨૦૨૧ રજીસ્ટર્ડ થયેલ છે. વિધ્વાન મેજીસ્ટ્રેટે આંક– ૦૪ થી તહોમતનામુ ફરમાવી તથા તે લગત આંક– ૦૫ થી ૦૭ સુધી આરોપીઓની પ્લી નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ પોતાની સામેનો ગુનો ઈન્કાર કરેલ હોય, ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવેલ છે. પુરાવાના અંતે બંને પક્ષકારોની દલીલો સાંભળી વિધ્વાન ટ્રાયલ કોર્ટે તારીખ– ૨૭–૦૯–૨૦૨૪ના રોજ આંક–૬૫થી પોતાનો ચુકાદો આપી આરોપી ઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩,૫૦૬(૨) સાથે વાંચતા ઇ.પી.કોડની કલમ–૧૧૪ સાથે વાંચતા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનામાં દોષિત ઠરાવેલ છે. જે હુકમથી નારાજ થઈ અરજદાર/આરોપી ઓએ હાલની અપીલ દાખલ કરેલ છે.

(૪).. બંને તરફેની રજુઆત,ટ્રાયલ કોર્ટનો ચુકાદો ધ્યાનમાં લેતા, પ્રસ્તુત અપીલના ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: <u>મુદદા</u> ::**

૧. શું અરજદાર/આરોપીઓ અત્રેની અપીલ અદાલતને એવુ બતાવી શકેલ છે કે વિધ્વાન એડીશનલ ચીફ જયુડીશયલ મેજીસ્ટ્રેટનાઓએ ફોજદારી કેસ નંબર– ૪૭૭ / ૨૦૨૧ ના કામે તા. ૨૭–૦૯–૨૦૨૪ના રોજ અરજદાર/આરોપીઓને દોષિત ઠરાવતો જે હુકમ કરેલ છે તે હુકમ અયોગ્ય, અનુચિત, ગેરવ્યાજબી અને ગેરકાયદેસરનો હોઈ તે રદ થવાને પાત્ર છે?

૨. શું અરજદાર/આરોપીનાઓને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટની જોગવાઈનો લાભ મેળવવા પાત્ર છે?

૩. શું હુકમ?

**(૫).. ઉપરોકત મુદદાઓ પરત્વેના તારણો નીચે મુજબ છે.**

**મુદદા નંબર ૦૧ – નકારમાં.**

**મુદદા નંબર ૦૨– હકારમાં.**

**મુદદા નંબર ૦૩– આખરી હુકમ મુજબ.**

**(૬).. ઉપરોકત તારણો પરત્વેના કારણો નીચે મુજબ છે.**

(૬.૧).. વિવાદીઓ તરફે વિધ્વાન વકીલશ્રી એસ.કે.જાવડાને સાંભળ્યા. તેઓની મુખ્યત્વે પોતાની દલીલમાં અપીલ મેમોની હકીકતોનું પુનરાવર્તન કરી જણાવેલ છે કે, આરોપીઓ તરફે ફરીયાદી તથા સાહેદોની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલી છે જે ઉલટતપાસની હકીકત આરોપીના કેસને મદદરૂપ થતી હોય તે સદરહુ હકીકતો ધ્યાને લેવા વિનંતી કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, આરોપીઓને પ્રોબેશન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૬.૨).. શ્રી સરકાર તરફે વિધ્વાન એડીશનલ પબ્લીક પ્રોસીકયુટર શ્રી આર.બી.દરજી હાજર છે અને તેઓએ પોતાની દલીલમાં તેવું જણાવેલ છે કે, આ કામે ટ્રાયલ કોર્ટે આરોપીઓને તકસીરવાન ઠરાવી સજાનો જે હુકમ કરેલ છે તે હુકમ વાજબી અને ન્યાયીક હોય જેથી અપીલ કોર્ટે સદરહુ હુકમમાં હસ્તક્ષેપ કરવા કે કોઇ ફેરફાર કરવા માટેના કોઇ સંજોગો ઉપસ્થીત થયેલ ન હોય જેથી અરજદાર/આરોપીઓની અપીલ નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૭).. ઉપરોકત ચર્ચા જોતા અરજદાર/આરોપીને આ કેસમા દોષિત ઠરાવવા માટે વિધ્વાન ટ્રાયલ કોર્ટે જે કારણો આપેલ છે તે કારણના અનુસંધાને ટ્રાયલ કોર્ટનાં રેકોર્ડ ઉપર આવેલ પુરાવાનો પુન:મુલ્યાંકન કરીએ તો ફરીયાદપક્ષ તરફે આંક–૨૧થી ફરીયાદી ડોકટર દેવાંગકુમાર ચૌધરી નાઓને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતાં જણાવેલ છે કે, તેઓ તા.૩૦–૧૧–૨૦૨૦ના રોજ વિસનગર જનરલ હોસ્પીટલ ખાતે પોતાની ફરજ ઉપર હાજર હતા. ત્યારે દર્દી નામે પ્રવિણાબેન નરેશભાઇનાઓને તેઓના સગા સંબંધી દ્બારા સારવાર અર્થે લાવેલા. દર્દીએ પોતાની હીસ્ટ્રીમાં તા.૩૦–૧૧–૨૦૨૦ના રોજ સવારે ૧૦:૦૦થી ૧૦:૩૦ વાગે ફતેહદરવાજા વણકરવાસ આગળ તેણીને ચંદ્રકાંત ડાહયાભાઇ પરમાર, પરમાર ભાવિન ચંદ્રકાંતનાઓએ ધકકો અને લાફા માર્યા છે તેવું જણાવેલ. વધુમાં દર્દી નામે નરેશકુમાર ભીખાભાઇ પરમાર નાઓ પોતાની હીસ્ટ્રીમાં તા.૩૦–૧૧–૨૦૨૦ના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૦:૩૦ વાગે ફતેહદરવાજા વણકરવાસ આગળ તેઓને ચંદ્રકાંત ડાહયાભાઇ પરમાર, પરમાર બીપીનકુમાર અને ભાવેશ પરમારએ લોખંડની પાઇપ અને ધોકા વડે માર માર્યો. જે દર્દીના જમણા હાથના ઉપરના ભાગે નાનું લાલાશ પાડતો ઘસરકો હતો, ડાબો ખભો હલાવી શકતો ન હતો અને જમણી બાજુના કપાળના ભાગે સોજો હતો. સદરહુ સાહેદે પોતાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે

કે, દર્દી નામે નરેશકુમાર ભીખાભાઇને ઈજા નં-૧ હતી તે સામાન્ય પ્રકારની ઈજા હતી.

**(૭.૧)..** ફરીયાદપક્ષ તરફે આંક-૩૦થી સાહેદ નરેશકુમાર ભીખાભાઈ પરમાર, આંક-૪૩થી સાહેદ ધવલ અશોકભાઈ પરમાર અને આંક-૪૪થી સાહેદ પ્રવિણાબેન નરેશભાઈ પરમાર નાઓને તપાસવામાં આવેલા છે. આ તમામ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા જણાવેલ છે કે, હાલનો બનાવ તા.૩૦-૧૧-૨૦૨૦ના રોજ સવારના નવેક વાગ્યાના સુમારે ફતેહદરવાજા વણકરવાસ વિસનગર ખાતે બનેલો. જે બનાવમાં દલાભાઈ ગોવાભાઈના મકાન પાસે રેતીનો ઢગલો પડેલ હોય તે વખતે ચંદ્રકાંતભાઈ અને તેનો દીકરો ભાવિકે આ રેતીનો ઢગલો ભરવા બાબતે બોલાચાલી કરી આરોપીનો દીકરો ભાવિક ઉશ્કેરાઈ ગયેલો અને આરોપી ચંદ્રકાંતભાઈએ પાઈપ લઈ આવી ફરીયાદી નરેશકુમારને માથાના ભાગે પાઈપ મારવા જતાં ફરીયાદી નરેશકુમારે હાથ વચ્ચે રાખતાં તેઓને માથા તથા હાથે ઈજા થયેલી. આ દરમ્યાન મહોલ્લાના લોકો ત્યાં આવી જતાં સાહેદ અને ફરીયાદીને વધુ મારમાંથી છોડાવેલ ત્યારે આરોપીઓ જતાં જતાં ફરીયાદી તથા સાહેદોને જાનથી મારી નાંખવાની ધમકી આપેલી. આરોપીઓ તરફે સદરહુ ફરીયાદી અને સાહેદોની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે. પરંતુ તેઓની સમગ્ર ઉલટતપાસ દરમ્યાન આરોપીઓના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત ફરીયાદી કે સાહેદોએ જણાવેલ નથી.

**(૭.૨)..** ફરીયાદપક્ષ તરફે આંક-૪૫થી તપાસ કરનાર અમલદાર ઉમેશકુમાર ઓમકારનાથ ત્રીવેદીને તપાસવામાં આવેલ છે. જેઓ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા જણાવેલ છે કે વર્ષ ૨૦૨૦-૨૧માં વિસનગર શહેર પોલીસ સ્ટેશનમાં પોલીસ સબ ઈન્સ્પેકટ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે આ કામની તપાસ તેઓને મળેલી જે તપાસના કામે આરોપી પરમાર ચંદ્રકાંતભાઈ ડાહ્યાલાલ નાઓએ મારક હથીયાર પાઈપ રજુ કરતા પંચનામાની રુએ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે. ત્યારબાદ અગાઉનના તપાસ કરનાર અમલદાર એમ.બી.વાઘેલાનાઓએ ગુનાવાળી જગ્યાનું પંચનામુ તૈયાર કરેલુ. જે આ કામે રજૂ કરવામાં આવેલ છે. બનાવ સમયે જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી મહેસાણાનું તા.૨૭-૧૧-૨૦૨૦નું

જાહેરનામુ અમલમાં હતું જે જાહેરનામાની ખરી નકલ આ કામે રજૂ કરવામાં આવે છે. ઈજા પામનારના સારવાર સર્ટીફીકેટ મેળવી તપાસના કામે રજૂ કરવામાં આવેલ છે. આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઇ ચાર્જશીટ કરવામાં આવે છે. આરોપી તરફે સદરહુ તપાસ કરનાર અમલદારને વિગતવારની ઉલટતપાસ કરવામાં આવે છે પરંતુ તેઓના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત તપાસ કરનાર અમલદારે પોતાની સમગ્ર જુબાનીમાં જણાવેલ નથી.

(૭.૩).. ફરીયાદપક્ષ તરફે આંક-૪૭થી તપાસ કરનાર અમલદાર મુકેશભાઈ ભીખાભાઈ વાઘેલા નાઓનાને તપાસવામાં આવેલ છે. જેઓ પાતોની સોગંદ ઉપરની જુબાની દરમ્યાન સરતપાસમાં જણાવેલ છે કે ગઈ તા.૦૯-૧૨-૨૦૨૦ના રોજ તેઓ વિસનગર શહેર પો. સ્ટે.માં પોલીસ સબ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તેઓના આ ગુનાની તપાસ મળેલી. જે તપાસના કામે ફરીયાદી તથા સાહેદોના નિવેદન લેવામાં આવેલા. ત્યારબાદ ગુનાવાળી જગ્યાનું પંચો રૂબરૂ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરવામાં આવેલું. આરોપી તરફે સદરહુ તપાસ કરનાર અમલદારને વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે. પરંતુ તેઓની સમગ્ર ઉલટતપાસ દરમ્યાન આરોપીના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત તેઓએ ઉલટતપાસમાં જણાવેલ નથી.

(૭.૪).. આમ, ઉપરોકત પુરાવાનું પુન:મુલ્યાંકન કરતાં ફરીયાદપક્ષ તરફથી એ હકીકત નિ:શંકપણે પુરવાર થયેલ છે કે,આરોપીઓએ તા.૩૦-૧૧-૨૦૨૦ના સવારના આશરે સાડા નવેક વાગ્યાના સુમારે ફરીયાદીના ઘરે આવી ત્યારે આરોપીઓ રોડાં રેતીના ઢગલાં ભરતા હોય જેથી આ કામના ફરીયાદીએ આરોપી નં-૦૨ને કહેલ કે તે આ પુંચણું અમારૂ છે. તેમ કહી ઝપાઝપી કરેલી.ફરીયાદી તથા સાહેદોને ઈજા કરી ફરીયાદી તથા સાહેદોને જાનથી મારી નાંખવાની ધમકી આપી ઈ.પી.કોડની કલમ-૩૨૩, ૫૦૬(૨) સાથે વાંચતા ૧૧૪ સાથે વાંચતા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબ ગુનો કરેલ છે.

(૭.૫).. એપેલન્ટ/આરોપીઓ તરફે પ્રોબેશન પર મુકત કરવા રજુઆત કરેલ છે. અરજદારો/આરોપીઓને વિધ્વાન ટ્રાયલ કોર્ટે ભારતીય દંડ સંહીતાની કલમ- ૩૨૩, ૫૦૬(૨) સાથે વાંચતા ૧૧૪ સાથે વાંચતા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનામાં દોષિત માનેલ છે. તેમજ અત્રેની અપીલ

કોર્ટે પણ સદરહુ હુકમ વાજબી અને કાયદેસરનું છે તેવા તારણ ઉપર આવેલ હોય ત્યારે આરોપી ઓ ને આવા સંજોગોમાં પ્રોબેશનનો લાભ આપવા અદાલત વિચારી શકે છે. માટે અત્રેની કોર્ટે પ્રોબેશન ઓફીસરની યાદી લખી રીપોર્ટ મંગાવેલ જે અનુસંધાને આંક– ૧૪થી એપેલેન્ટ/આરોપી નં–૦૧ પરમાર ચંદ્રકાંતભાઇ ડાહ્યાભાઇ,આંક–૧૫થી એપેલેન્ટ/આરોપી નં–૦૨ પરમાર ભાવિક ચંદ્રકાંતભાઇ અને આંક–૧૬થી એપેલેન્ટ/આરોપી પરમાર તુષાર ચંદ્રકાંતભાઇ નાઓનો પ્રોબેશન અધિકારીના રીપોર્ટ રજુ થયેલ છે. જે રીપોર્ટસ વંચાણે લેતા એપેલન્ટ/આરોપી ઓ નો ગુનાહીત ભુતકાળ ન હોઈ અને તેમનામાં સુધારો થવાની તેમજ રી–હેબીલીટેશનની શકયતા હોઈ પ્રોબેશન અધિકારીને આરોપી ઓ ને પ્રોબેશન પર મુકત કરવા માટે હકારાત્મક રીપોર્ટ આપેલ છે. આ કીસ્સામા માત્ર એ સવાલ ઉપસ્થિત થાય છે કે શું એપેલેનટ/આરોપીઓને પ્રોબેશન પર મુકત કરી શકાય તેવો કેસ છે? વિવાદીનો ઈતિહાસ ગુનારહીત હોવાનું રેકર્ડ પર આવેલ છે. સૌપ્રથમ પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ, ૧૯૫૮ની કેટલીક મહત્વની જોગવાઇઓ ધ્યાને લઇએ તો તે નીચે મુજબ છે.

“**3. Power of court to release certain offenders after admonition.** When any person is found guilty of having committed an offense punishable under section 379 or section 380 or section 381 or section 404 or section 420 of the Indian Penal Code, (45 of 1860) or any offence punishable with imprisonment for not more than two years, or with fine, or with both, under the Indian Penal Code, or any other law, and no previous conviction is proved against him and the court by which the person is found guilty is of opinion that, having regard to the circumstances of the case including the nature of the offense, and the character of the offender, it is expedient so to do, then, notwithstanding anything contained in any other law for the time being in force, the court may, instead of sentencing him to any punishment or releasing him on probation of good conduct under section 4 release him after due admonition.

Explanation.—For the purposes of this section, previous conviction against a person shall include any previous order made against him under this section or section 4.

**4. Power of court to release certain offenders on probation of good conduct.**- (1) When any person is found guilty of having committed an offense not punishable with death or imprisonment for life and the court by which the person is found guilty is of opinion that, having regard to the circumstances of the case including the nature of the offense and the character of the offender, it is expedient to release him on probation of good conduct, then, notwithstanding anything contained in any other law for the time being in force, the court may, instead of sentencing him at once to any punishment direct that he be released on his entering into a bond, with or without sureties, to appear and receive sentence when called upon during such period, not exceeding three years, as the court may direct, and in the meantime to keep the peace and be of good behaviour:

Provided that the court shall not direct such release of an offender unless it is satisfied that the offender or his surety, if any, has a fixed place of abode or regular occupation in the place over which the court exercises jurisdiction or in which the offender is likely to live during the period for which he enters into the bond.

(2) Before making any order under sub-section (1), the court shall take into consideration the report, if any, of the probation officer concerned in relation to the case."

**Section 5 : Power of Court to require released offenders to pay compensation and costs**.- (1) The Court directing the release of an offender under Section 3 or Section 4. may. if it thinks fit, make at the same time a further order directing him to pay-

(a) such compensation as the Court thinks reasonable for loss or injury caused to any person by the commission of tile offense; and

(b) such costs of the proceedings as the Court thinks reasonable.

(2) The amount ordered to be paid under sub-section (1) may be recovered as a fine in accordance with the provisions of Sections : 386 and 387 of the Code.

(3) A civil Court trying any suit, arising out of the same matter for which the offender is prosecuted, shall take into account any amount paid or recovered as compensation under sub-section (1) in awarding damages.

(૮).. આમ, પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટની ઉપરોકત જોગવાઈઓ જોતા ભારતીય દંડ સંહીતાની કલમ– ૩૨૩, ૫૦૬(૨) સાથે વાંચતા ૧૧૪ સાથે વાંચતા

જી.પી.એકટની કલમ–૧૩૫ના ગુનામાં આરોપીઓને મહત્તમ ત્રણ વર્ષની સાદી કેદની સજા ફરમાવવામાં આવેલ છે. વધુમા આ તબકકે નામદાર સુપ્રીમકોર્ટે આ મુદ્દાના અન્વયે કેટલાક મહત્વના ચુકાદા આપેલ છે તે તરફ ધ્યાન દઈએ તો તે નીચે મુજબ છે. In the case of **C.B.I. Anti Corruption Branch - v/s Sanjiv Bhalla & Anr 2015 -13- SCC-444; 2016 1 SCC (Cri) 631** it held by the Hon’ble Apex Court that;

21. To sum up :
**(a) For awarding a just sentence, the Trial Judge must consider the provisions of the Probation of Offenders Act and the provisions on probation in the Criminal Procedure Code;**
(b) When it is not possible to release a convict on probation, the Trial, Judge must record his or her reasons;
(c) The grant of compensation to the victim of a crime is equally a part of just sentencing;
(d) When it is not possible to grant compensation to the victim of a (Time the Trial, Judge must record his or her reasons; and
(c) The Trial Judge must always be alive to alternative methods of a mutually satisfactory disposition of a case.

In the case of **Lakhanlal @ Lakhan Singh v/s State of Madhya Pradesh 2019-3-Crimes (SC) 95;** wherein it is held by he Hon’ble Apex Court that;

9. The Court is empowered to release an offender who is convicted of an offence punishable with imprisonment for not more than two years, or with fine, or with both, under the Indian Penal Code or any other law in terms of Section 3 of the 1958 Act,subject to the condition that no previous conviction is proved against him. In terms of Section 4 of the 1958 Act, an offender cannot be released on probation if such offender has a fixed place of abode or regular occupation in the place over which the court exercises jurisdiction or in which the offender is likely to live during the period for which he enters into the bond, after taking into consideration the report, if any, of the probation officer before making any order. Such exercise is required to be performed if an offender is not convicted of an offence punishable with death or imprisonment for life, then, notwithstanding anything contained in any other law for the time

being in force, the court may release a convict instead of sentencing him at once to any punishment on probation subject to the conditions specified in Section 4 of 1958 Act.

(૯).. આમ, ઉપરોકત ચુકાદાઓને ધ્યાનમા લેતા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે **HIRABHAI BAHADRUBHAI PATEL Versus STATE OF GUJARAT Criminal Appeal No. 115/2005 decided on 05/01/2012 and in case of State of Gujarat v/s Ayub Ganibhai Odiya reported in 2018 2 GLR 1643 and Vasant Vajabhai Gamit v/s State of Gujarat 2019-0-Supreme (Guj) 307** ના કેસમા આ જ પ્રકારના હળવા ગુન્હાઓમા આરોપીને પ્રોબેશન ઉપર છોડવાનો હુકમ કરેલો છે. આમ, ઉપરોકત ચુકાદાઓ જોતના વર્તમાન કીસ્સામા પણ એપેલેન્ટ/આરોપીઓને પ્રોબેશનનો લાભ આપવો યોગ્ય જણાય છે. વધુમા આ કેસમા પ્રોબેશન ઓફીસરને યાદી કરી સીલબંધ કવરમા રીપોર્ટ મંગાવવામા આવેલો છે. જે રીપોર્ટ વંચાણે લીધો. જેમા આરોપીઓની ચાલચલગત સારી છે. ગુનાહીત ભુતકાળ નથી અને રીહેબીલીટેશનના ચાન્સ જણાય છે. આ સંજોગોમા વિધ્વાન ટ્રાયલ કોર્ટએ એપેલેન્ટ/આરોપી ઓને દોષિત ઠરાવતો જે હુકમ કરેલ છે તે અયોગ્ય, ગેરકાયદેસરનો કે અનુચિત કહી શકાય નહી. પરંતુ ઉપરોકત સંજોગો જોતા એપેલેન્ટ/આરોપી ઓ ને પ્રોબેશન ઉપર મુકત કરવા યોગ્ય કેસ જણાય છે. જેથી **મુદદા નંબર –૦૧**નો જવાબ ''**નકાર**'' માં ઠરાવુ છુ **અને મુદદા નંબર –૦ર** નો જવાબ ''**હકારમાં**'' ઠરાવુ છુ અને ઉપરોકત ચર્ચા અને સંજોગો ધ્યાને લેતા **મુદદા નંબર–૦૩** પરત્વે ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરું છું.

**<u>હુકમ</u>**

- આથી ક્રિમીનલ અપીલ નંબર– ૨૨૬ / ૨૦૨૪ **અંશત:મંજુર** કરવામા આવે છે.

મે.વિસનગરના એડી.ચીફ જ્યુડી. મેજી. સાહેબશ્રીનાઓએ ક્રિમીનલ કેસ નંબર– ૪૭૭/૨૦૨૧ ના કામે આ કામના આરોપી ઓ ને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ–૨૭૮(૨) મુજબ દરેક અરજદાર/આરોપીને ભારતીય દંડ સંહીતાની કલમ– ૩૨૩, ૧૧૪ના ગુનામાં એક વર્ષની સાદી કેદની સજા તથા રૂપીયા–૧,૦૦૦/– નો દંડ તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ– ૫૦૬(૨)અન્વયે ત્રણ વર્ષની સાદીની કેદની સજા તથા રૂ.૫,૦૦૦/–નો દંડ તેમજ ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબ ચાર માસની સાદી કેદની સજા તથા રૂ.૧,૦૦૦/–નો દંડ જો આરોપીઓ દંડની રકમ ના ભરે તો વધુ બે માસની સાદી કેદની સજા ભોગવવા માટેનો હુકમ કરેલ છે, તે હુકમ આથી કાયમ રાખવામા આવે છે. પરંતુ એપેલેન્ટ/આરોપી ઓ ને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટની કલમ –૦૪ મુજબ બોન્ડ આપે તે તારીખ થી ૦૬(છ) માસ માટે **નીચેની શરતોને આધિન** પ્રોબેશન પર મુકત કરવાનો હુકમ કરવામા આવે છે.

**:: શરતો ::**

(અ) આ કામના એપેલેન્ટ/આરોપી ઓ એ પ્રોબેશન ઓફીસર સમક્ષ હાજર થઈ ૦૬(છ) માસના સુલેહ શાંતીના બોન્ડ આપવા અને તેનો ભંગ કરવો નહી તેમજ કોઈ ગુનાહીત પ્રવૃતિ આચરવી નહી.

(બ) જો એપેલેન્ટ/આરોપી ઓ એ ઉપરોકત શરતોનો ભંગ કરે તો તેઓએ તાત્કાલીક ટ્રાયલ કોર્ટ સમક્ષ સજા ભોગવવા હાજર રહેવુ.

- હુકમની એક નકલો એપેલેન્ટ/આરોપી ઓ ને તથા એક નકલ પ્રોબેશન ઓફીસરશ્રીએ તાત્કાલીક મોકલી આપવી.
- પ્રોબેશન ઓફીસરે એપેલેન્ટ/આરોપી ઓ ની વર્તણુક ઉપર ચાપતી નજર રાખવી અને દર ત્રણ માસે ટ્રાયલ કોર્ટને રીપોર્ટ કરવો તેમજ ઉપરોકત શરતોનો ભંગ થતો જણાય તો ટ્રાયલ કોર્ટને રજુઆત કરવી.

- વધુમાં એપેલેન્ટ/આરોપી ઓ એ ૦૬(છ) માસનો પ્રોબેશનનો સમય સફળતાપુર્વક અને શાંતીપુર્વક પસાર કરે તો તેમણે જમા કરાવેલ દંડની રકમ તેમન પરત કરવી.
- ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબ એપેલેન્ટ/આરોપી ઓ એ રૂા. ૧૫,૦૦૦/–(અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જા મીન તથા જાતમુચરકા આપવા.
- હુકમની એક નકલ સાથે ક્રિમીનલ કેસ નંબર– ૪૭૭/૨૦૨૧ નું રેકર્ડ તથા પ્રોસીડીંગ્સ ટ્રાયલ કોર્ટમા સત્વરે પરત મોકલી આપવુ.

હુકમ આજરોજ તારીખ– ૨૩ મી માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૨૩ /૦૪ /૨૦૨૬

વિસનગર

**(નાશીર સૈયદુલ્લા સિદૃીકી)**
એડિશ્નલ સેશન્સ જજ, વિસનગર
**Code No. GJ-00650**

પી.એસ., શીલત એ.જોષી.